# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૦ અંક : ૩ ૧૫-૧૦-૨૦૦૯ સળંગ અંક : ૨૧૮

સંપાદકો

પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી

## સંપાદકીય

### તમસો મા જ્યોતિર્ગમય...

ભારતની ભૂમિ એ તહેવારોની ભૂમિ છે. અહીં ઉત્સવ માટે કારણની જરૂર પડતી નથી. આપણી ઉત્સવઘેલી પ્રજા એક તહેવાર પત્યો ના હોય ત્યાં બીજા તહેવારની તૈયારી શરૂ કરી દેતી હોય છે. દિપાવલી કે દિવાળી આપણાં સૌ માટે એક મોટો તહેવાર છે. દિપાવલી એટલે કે દીપક આવલી (દીવો+હારમાળા) યાને કે દીવાની હારમાળાનો તહેવાર. દેશભરમાં આ તહેવાર ત્રણથી પાંચ દિવસ માટે ઉજવાય છે. દરેક દિવસનું શું મહત્ત્વ છે, કે કઈ કઈ દંતકથાઓ કયા કયા પ્રદેશમાં જાણીતી છે તે સૌ કોઈ જાણે છે. હવે તો વિદેશમાં પણ યુ.કે., યુ.એસ.એ., નેધરલેન્ડ્સ, ન્યૂઝીલેન્ડ, કેનેડા, ગ્યાના, કેન્યા, મોરેશિયસ, ફીજી, જાપાન, ઈન્ડોનેશિયા, મલેશિયા, નેપાળ, સિંગાપોર, શ્રીલંકા, સાઉથ આફ્રિકા, તાન્ઝાનિયા, ટ્રિનિદાદ, જમૈકા, થાઈલેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં દિપાવલીની ઉજવણી થાય છે.

શ્રી રામનો રાવણ પર વિજય હોય કે શ્રી કૃષ્ણના હાથે નરકાસુરનો વધ હોય કે રાજા બલિની કથા હોય... વાત અશુભ પર શુભના વિજયની છે. મૂળ મુદ્દો આપણી અંદરના રાવણને મારવાનો છે. વળી આ રાવણ એકવારના સંહારથી મરતો નથી. એ તો પ્રતિ પળે જીવતો થાય છે. અંતરના અંધકારને તોડવાની વાત છે. એની સાથે તલવારથી કે બંદૂકથી કે પરમાણું બોમ્બથી લડી શકાવાનું નથી. એને માટે બસ એક દીપ પ્રગટે તે જરૂરી છે. ભલેને અંધકાર ગમે તેટલો પ્રગાઢ હોય કે જોજનો સુધી પથરાયેલો હોય, એની તાકાત નથી કે દીપ પ્રગટ્યા પછી ત્યાં ઊભો રહી શકે.

સામાન્ય રીતે 'દિપાવલી' કે 'દિવાળી' શબ્દ બોલીએ એટલે આપણી નજર સમક્ષ સરસ મજાનાં વાઘાં સજેલા માણસો, દીવાની કે રંગબેરંગી લેમ્પની હારમાળા, મિઠાઈના બોક્સ, ફટાકડા, તાવડામાં તળાતાં ફરસાણ, માંજીને ચકચકતા કરાતાં વાસણો, સાબુના પાણીથી ધોવાતી ફરસો... વગેરેનું ચિત્ર ખડું થાય. કમનસીબે આપણે ત્યાં શિક્ષણનું થયું છે તેવું જ તહેવારોનું પણ થયું છે. જાણે કોઈ સરઘસમાં ચાલતા હોઈએ એમ સતત અર્થવિહીન વાતચીતો, શોરબકોર, ખાદ્યસામગ્રીની વહી આવતી મિશ્રિત ગંધ, જાતજાતનાં પરિધાન...બધું રંગબેરંગી, બહારથી રૂપાળું પણ અંદરથી બેઢંગુ... લાગે સાતત્યપૂર્ણ પણ ચકડોળ ગતિથી ગોળ ગોળ ઘૂમરાતું... કોઈ નક્કર દિશા નહિ... કશું નિષ્પન્ન થતું ના હોય તેવું... કોઈ એક પળ થોભીને પોતાની અંદર ડોકિયું કરતું નથી કે જો રામજીના આગમનની ખુશાલીમાં દીવા પ્રગટાવ્યા, તેમનું પોતાના અંતરમાં કદી એક પળ માટે પણ આગમન થયું છે ખરૂ !

### દિપાવલી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ...

દિપાવલી પર્વ એ ઉત્સવોનું પર્વ છે. દિવાળી એટલે પ્રકાશનું પર્વ, પ્રેમ અને ઉમંગનું પર્વ, સદ્ભાવનાનું પર્વ. વર્ષભરનાં કાર્યોના લેખાજોખા સાથે આત્મમંથન કરવાનું પર્વ. પરસ્પર સદ્ભાવ, સન્માન આપવાની ભાવના એટલે દિવાળી. દિલમાં દિવો પ્રગટાવીએ એ જ દિપોત્સવ, અંતરની જ્યોતિ જ્યારે પ્રગટે ત્યારે બહારનો તમામ અંધકાર હટી જાય છે. સુખ, આનંદ, પ્રેમ, શાંતિ, સંતોષ અને સંસ્કાર આ તમામ બાબતો છેવટે તો આંતરિક અજવાળા સાથે જ સંકળાયેલી છે. અંતરનો દિવો એટલે સમજણ, ડહાપણ, કર્તવ્યભાવ, વિવેક-વિનય, સત્ય, પુરુષાર્થ, ન્યાય-નિષ્ઠા અને પ્રમાણિકતાનો દિવો, જેને સતત જલતો રાખવા પ્રયત્ન કરીએ. આજુબાજુમાં વ્યાપ્ત અંધ- તામસીબળો-અપ્રમાણિકતા, વેર-ઝેર, વ્યસન, ગેરરીતિ, કામચોરી, સામાજિક અનિષ્ટો, અત્યાચાર, ત્રાસવાદ અને અહંકારને દૂર કરવા માટે કોઈ દિવો પ્રગટાવનાર ન મળે તો આપણે સ્વયં-પોતાનો દિવો પ્રગટાવીએ.

દિપપર્વ અને નવા વર્ષના શુભારંભ પ્રસંગે મને આશા છે કે સરદાર પટેલ યુનિવર્સિટી વિકાસનાં નૂતન શિખરો સર કરી આવનાર વર્ષોમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પોતાનું આગવું પ્રદાન બક્ષશે. આવો સહુ સાથે મળી વૈશ્વિકસ્તરના શિક્ષણની સંકલ્પનાને મૂર્તિમંત કરવા માટે આજના આ પર્વ પ્રસંગે દઢ નિર્ણય કરીએ.

દિપપર્વ અને નૂતનવર્ષના આ શુભ પ્રસંગે હું તથા સરદાર પટેલ યુનિવર્સિટીનો સમગ્ર પરિવાર આપના પરિવારની સુખ-સમૃદ્ધિ, તંદુરસ્તી અને વિકાસની મંગળકામના કરીએ છીએ.

**- ડૉ. બી. જી. પટેલ**

કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી

આવક જાવકના ચોપડા ચિતર્યા પણ આપણે આપણી જાતને ક્યાં કેટલી ખર્ચી તેનો કોઈ હિસાબ કર્યો ખરો !

આપણી સ્થિતિ પેલા પૂજારીના છોકરા જેવી છે. પૂજારીએ એક બિલાડી પાળી હતી. રોજ પૂજા કરવા બેસે ત્યારે બિલાડી વચમાં કૂદીને એને પજવે. એટલે પૂજાની સામગ્રી તૈયાર કરીને, પૂજા શરૂ કરતાં પહેલાં, પૂજારી બિલાડીને શોધીને એક છાબડીમાં બંધ કરી દે. કાળે ક્રમે પૂજારીનું અવસાન થયું. ભણેલો ગણેલો પુત્ર પૂજા કરવા બેઠો. બધી સામગ્રી તૈયાર કરી પછી યાદ આવ્યું કે બિલાડીની વિધિ તો રહી ગઈ. બિલાડી શોધી પણ મળી નહિ. પુત્ર રઘવાયો થઈને આખા ગામમાં બિલાડી શોધતો ફરે કે બિલાડીને છાબડીમાં પૂરવાની વિધિ કર્યા વગર પૂજા કેવી રીતે શરૂ કરાય ?

એક સજ્જનને પોતાના દીકરાને ભણાવવાની ખૂબ હોંશ, ઉચ્ચ અભ્યાસ અર્થે દીકરાને પરદેશ મોકલ્યો. ભણી ગણીને દીકરો દીવાળીના તહેવારના દિવસોમાં ઘરે આવ્યો. દીકરાને જોઈને બાપનો હરખ સમાય નહિ. રાત્રે બાપદીકરો ઓટલા પર હીંચકે બેઠાં હતા. દિવાળીના દીવા બળતા હતા. એવામાં કામવાળી એની નાનકડી દીકરીને લઈને આવી. ફટાકડાં ફોડવા માટેની અગરબત્તી સળગાવતાં નાની છોકરીથી દીવો પડી ગયો, તેલ ઢોળાયું, દીકરાએ ઊભા થઈને ચાર પાંચ વર્ષની અબુધ છોકરીને ફટ કરતો તમાચો ઝીંકી દીધો. દીકરાના મોંએથી નીકળેલા 'યુ ઈડિયટ' શબ્દ સજ્જનને કાને વાગ્યા અને એથીય કંઈ ગણો આઘાત હૃદયે લાગ્યો, 'આ ભણતર માટે મેં વીસ લાખ બગાડ્યા... એના કરતાં તો....!' જે ભણતર અંદરના રામને ના જગાડે તે શા કામનું.

દીવાળી પછીનો દિવસ એટલે નૂતન વર્ષનો દિવસ. ઘણાં માટે આ દિવસ નવા નવા સંકલ્પ લેવાનો હોય છે. નવો સંકલ્પ લેતાં પહેલાં જરા જાતને પૂછીએ કે ગયા વર્ષે જે સંકલ્પ લીધેલો તેનું શું થયું ? સંકલ્પોના ફૂકા રમવાથી જાતને છેતરી શકાશે પણ શ્રી રામને છેતરી શકાશે ખરા ! આરંભે શૂરાની જેમ પછી દરેક વસ્તુ આપણે માંડી વાળીએ છીએ અને બુદ્ધિની બહાનાંબાજીથી જાતને સમજાવી લઈએ છીએ. પણ એ ભૂલી જઈએ છીએ કે ઉપરવાળાનો દષ્ટિકોણ આપણી બુદ્ધિથી પર છે. એક વાર ચાર મિત્રોએ ભેગાં મળીને એક બિલાડી પાળી. ચારે મિત્રોએ બિલાડીનો એક એક પગ શણગાર માટે વહેંચી લીધો. કોઈ પોતાના પગમાં ઘૂઘરી બાંધે તો કોઈ વળી રેશમની દોરી બાંધે. એક વાર બિલાડીને એક પગમાં કંઈક વાગ્યું એટલે તે પગના માલિકે ત્યાં એક ચીંદરડી વીંટાળીને બાંધી. ચારે મિત્રોને રૂનું ગોદામ હતું. ભાગીદારીમાં ધંધો ચાલતો. શિયાળો હતો એટલે ગોદામની બહાર તાપણું કરેલું. બિલાડી તાપણાં પાસેથી કૂદી એટલે એના પગમાં બાંધેલી ચીંદરડીએ આગ પકડી. ગભરાઈને બિલાડી ગોડાઉનમાં નાસી, જોત જોતામાં આગ ફેલાવા માંડીને બધો કપાસ બળીને ખાખ થઈ ગયો. એટલે પેલા ત્રણ સાજા પગના માલિકોએ ભેગા થઈને પેલા

(અનુસંધાન પાન ૧૧ ઉપર...)

## Teaching - Learning

સરદાર પટેલ એજ્યુકેશન સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં શૈક્ષણિક ટેકનોલોજી ફિલ્ડ અંતર્ગત ઇન્ચાર્જ અધ્યાપક ડૉ. પી. સી. અમીન અને ડૉ. જયશ્રી દીક્ષિતના માર્ગદર્શન નીચે **ઓડિયો-વિઝ્યુઅલ સાધનોનું પ્રદર્શન** યોજાઇ ગયું. સ્લાઇડ પ્રોજેક્ટર, ફિલ્મ પ્રોજેક્ટર, OHP તથા અત્યાધુનિક LCD પ્રોજેક્ટર દ્વારા કઇ રીતે શૈક્ષણિક કાર્ય થઇ શકે તેનું ડેમોન્સ્ટ્રેશન શૈક્ષણિક ટેકનોલોજી ફિલ્ડના તાલીમાર્થીઓએ કર્યું હતું. કોલેજના તમામ પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ ચાર્ટ, ચિત્રો, ફલેનલબોર્ડ, સ્વનિર્મિત સાધનો અને ઓડિયો-વિઝ્યુઅલ સાધનોનું રસપૂર્વક નિરીક્ષણ કરી સાધનોના ઉપયોગ વિશે સમજ મેળવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શૈક્ષણિક ટેકનોલોજી ફિલ્ડના ઇન્ચાર્જ અધ્યાપક ડૉ. પી.સી. અમીન તથા ડૉ. જયશ્રી દીક્ષિતે કર્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં **''પેનલ ડિસ્કશન ઓન સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન્સ''** નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એમાં પ્રોફે. એ. એ. શેખ, ડૉ. એમ. સી. પટેલ, પ્રિન્સીપાલ, એન. એસ. પટેલ આર્ટસ કોલેજ, આણંદ, શ્રી તુષારભાઇ દેસાઇ અને કુ. મુક્તિ એમ. પટેલ નિષ્ણાંત તરીકે હાજર હતા. સરદાર પટેલ યુનિવર્સિટીની અલગ-અલગ કોલેજમાંથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પણ હાજર હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સજના એમ. પિલ્લાઇ, પ્રા. વિજય મકવાણા અને પ્રા. મૂકેશભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં તા. ૧૬-૯-૦૯ના રોજ **યુ.જી.સી. પ્રેરિત એક દિવસીય પરિસંવાદ "A March of Cities: A Boon or Bane ?"** અર્થાત્ 'શહેરીકરણ આશીર્વાદરૂપ કે અભિશાપરૂપ' એ વિષય પર યોજવામાં આવ્યો. સેમીનારમાં મુખ્ય મહેમાન તરીકે પ્રો. હરબન્સ પટેલ, શ્રી રામકૃષ્ણ સેવા મંડળના સેક્રેટરી શ્રીમતિ જ્યોત્સનાબેન કે. પટેલ અને અતિથિ વિશેષ તરીકે પ્રો. બી. એમ. પટેલ-ડિરેક્ટર, પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં મુખ્ય મહેમાન અને વક્તા પ્રો. હરબન્સ પટેલે શહેરીકરણની સમસ્યાને વિસ્તૃત રીતે વર્ણવી તેના નિરાકરણ માટે શું કરી શકાય તે જણાવ્યું હતું. શ્રી બી. એમ. પટેલે જણાવ્યું કે શહેરીકરણ એ આર્થિક વિકાસનો ભાગ છે. પરંતુ તેનાથી સર્જાતા પ્રદૂષણ અને માનવજાત માટે ખતરારૂપ દુષણો, ભયસ્થાનો દૂર કરી સ્વસ્થ અને હરિયાળુ શહેર કઇ રીતે નિર્માણ કરી શકાય તે સમજાવ્યું હતું.

સેમીનારના બીજા ચરણમાં (પ્રથમ અને દ્વિતીય ટેકનીકલ સેશનમાં) ચેરપર્સન તરીકે શ્રી ઘનશ્યામભાઇ શાહ અને સરદાર પટેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને એગ્રીકલ્ચર સંશોધન વિભાગના અધ્યક્ષ ડૉ. એચ. પી. ત્રિવેદી તથા અતિથિ વિશેષ સ્થાને પ્રિ. મોહનભાઇ સી. પટેલ (પ્રિન્સીપાલ, એન. એસ. પટેલ આર્ટ્સ

કોલેજ, આણંદ) ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ઘનશ્યામભાઇ શાહે સેમીનારના વિષય પર પ્રકાશ પાડતા જણાવ્યું કે ૧૯૯૫માં સુરત એક ગંદુ શહેર હતું જે આજે ભારતનું બીજા નંબરનું સ્વચ્છ શહેર ગણાય છે. તેમ શહેરની સમસ્યાને અગ્રીમતા આપી સ્વચ્છ અને સુંદર શહેર બનાવી શકાય છે. આ માટે સરકાર, જાહેર એજન્સી અને પ્રજાના સહિયારા પુરુષાર્થની જરૂર છે. શ્રી એચ. પી. ત્રિવેદીએ જણાવ્યું કે ગામડામાંથી શહેર તરફની માનવીની દોટથી ગામડામાં આબાદી આવી છે. પરંતુ શહેરો ઉભરાઇ રહ્યા છે. જેથી સમસ્યા સર્જાય છે. આ સેમીનારમાં ઉપસ્થિત અતિથિ વિશેષ પ્રિ. મોહનભાઇ પટેલ તથા પ્રો. હિંમતભાઇ પટેલે પેપર રજૂ કરનારા પ્રાધ્યાપકોને માર્ગદર્શન આપી પેપરોનું વિશ્લેષણાત્મક વિવેચન અને ચિંતન રજૂ કર્યું હતું. એ સેમીનારમાં ૬૦ જેટલા સંશોધનપત્રો રજૂ કરાયા, જેમાંથી ૩૦ જેટલા વિસ્તૃત ચર્ચામાં લેવાયા હતા.

➢ **વે મેઇડ કોલેજ ઑફ એજ્યુકેશન,** દ્વારા તા. ૮ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ **શાળાના શિક્ષકો માટે એક દિવસીય કાર્યશિબિર (Workshop)**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરનો હેતુ અંગ્રેજી શાળામાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત, સમાજવિદ્યા, વાણિજ્ય ઇત્યાદિ વિષયો ભણાવતા શિક્ષકોને નૂતન વર્ગખંડ શિક્ષણની પ્રવિધિઓ માટે સજ્જ કરવાનો હતો. કાર્યશિબિરમાં આણંદ-વિદ્યાનગરની વિવિધ શાળાઓમાંથી ૩૩ શિક્ષકોએ ભાગ લીધો હતો. કાર્યશિબિરનું ઉદ્‌ઘાટન ચારુતર વિદ્યામંડળના માનાર્હ સહમંત્રી ડૉ.એસ. જી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યશિબિરમાં મહાવિદ્યાલયના શિક્ષકના પ્રશિક્ષક તથા આચાર્યા દ્વારા નૂતન પ્રવિધિઓથી શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. વિજ્ઞાન શિક્ષણમાં વૈજ્ઞાનિક સંકલ્પનાનું સ્પષ્ટીકરણ તથા દઢીકરણ, ગીત, સંવાદ ઇત્યાદિ આનંદદાયક પ્રવૃત્તિઓ દ્વારા કેવી રીતે કરી શકાય તે દર્શાવાયું હતું. કોયડા દ્વારા ગણિત શિક્ષણમાં ગીતો દ્વારા ગણિતની ગમ્મત, કેલેન્ડર આધારિત બીજ ગણિતની સમજણ, સ્વ-અધ્યયન સામગ્રીનો ગણિત શિક્ષણમાં ઉપયોગ વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. સંસ્કૃત સમ્ભાષણ દ્વારા વર્ગખંડમાં સંસ્કૃતનું વાતાવરણ કેવી રીતે સર્જી શકાય, એ સંસ્કૃતમાં આયોજિત નાટક દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતમાં આ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. અંગ્રેજી શિક્ષણના સત્ર દરમિયાન વ્યાકરણને વિવિધ પ્રવૃત્તિઓથી સહજતયા અને સ્વાભાવિકતયા કેવી રીતે શીખવી શકાય તેના વિશે નિદર્શન કરવામાં આવ્યું હતું. સમાજવિદ્યા શિક્ષણમાં વિવિધ રમતોનો ઉપયોગ, વર્તમાન પત્રોનો ઉપયોગ, બુલેટિન બોર્ડનો ઉપયોગ વિગેરેની ચર્ચા તેમજ નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યશિબિરના અંતે વર્ગખંડ શિક્ષણમાં ફિલ્મોના ઉપયોગ વિશે સમજ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યશિબિરમાં વર્ગખંડ શિક્ષણને વધુ જીવંત અને રસપ્રદ બનાવવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં 'હિન્દી દિન'ની ઉજવણી** કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હિન્દી ડિપાર્ટમેન્ટના રીડર ડૉ. કમલેશભાઇ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. તાલીમાર્થીઓ મેકવાન દિલીપે હિન્દી દિનના ઉદ્‌ભવ, મલેક સમીરહુસેને કબીરના જીવન અને કવન, પરમાર વિપુલે હિન્દી દિનનું મહત્ત્વ, ચૌહાણ રામસિંહે કવિતા પઠન તથા શ્રીમાલી સુનીલે હિન્દી સાહિત્ય વિશે માહિતી આપી હતી. હિન્દી પદ્ધતિના તાલીમાર્થીઓએ પ્રેમચંદકૃત 'કફન'નું મંચન કર્યું હતું. પ્રાધ્યાપકો ઉષાબેન શારડા, જયકર મેકવાન તથા રૂપલ પ્રજાપતિએ હિન્દી દિન સંદર્ભે કાવ્યપઠન કર્યા હતાં. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. કમલેશભાઇ ત્રિવેદીએ તજજ્ઞીય શૈલીમાં હિન્દી દિનની ઉજવણી પાછળના મૂળભૂત ઉદ્દેશો સ્પષ્ટ કર્યા હતા. તેમણે હિન્દીનું કાર્યાન્વયન ન થઇ શકવાના કારણોની ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ઠાકોર રવિ અને પાટીદાર રોશનીએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ તાલીમાર્થી મેકવાન દિલીપે કરી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૪-૯-૦૯ને સોમવારના રોજ બેંક ઑફ બરોડા, ક્ષેત્રીય કાર્યાલયના ઉપમહાપ્રબંધક શ્રી એલ. એમ. અસ્થાનાના મહેમાનપદે **હિન્દી સપ્તાહની સમાપન કાર્યક્રમ** યોજાયો.

કાર્યક્રમમાં તાલીમાર્થી નયનાબેન રાઠોડે રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા. તાલીમાર્થી રીંકુ યાદવે, વનિતા તથા દેવાંશીએ પત્ર સ્પર્ધામાં વિજેતા થયેલા ત્રણ સ્પર્ધકોના પત્રોનું વાંચન કર્યું. કોલેજના ગ્રંથપાલશ્રી ડૉ. વૈશાલીબેને 'સ્વાભિમાન' કાવ્યનું ભાવવાહી વાચન કર્યું.

કાર્યક્રમમાં ઉપસ્થિત હિન્દી ભાષા સાહિત્ય મંડળના પ્રાધ્યાપિકા બિજલબેને તા. ૯-૯-૦૯ થી તા. ૧૪-૯-૦૯ સુધી હિન્દી સપ્તાહની ઉજવણીમાં કરવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓની સર્વેને જાણ કરી તથા વિજેતાઓને અભિનંદન પાઠવ્યા.

આ હિન્દી સપ્તાહમાં તા. ૯-૯-૦૯ના રોજ આણંદ આર્ટ્સ કોલેજ અનુસ્નાતક વિભાગના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. અનુબેન મહેતાએ તેમના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેમચંદ રચિત 'બૂઢીકાકી' કૃતિનું નાટ્ય રૂપાંતર રજૂ કર્યું હતું.

**આણંદ શહેરની તમામ બેંકો માટે નિબંધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય **'રાષ્ટ્રભાષા હિન્દી વિકાસ ઔર રોજગાર ક્ષેત્ર મેં બેંક કા યોગદાન'** રાખવામાં આવ્યો હતો. જેમાં બંને સ્પર્ધક શ્રી બી. એ. નિભજે કે જેઓ સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયાના સહપ્રબંધક છે અને બેંક ઑફ બરોડા, ક્ષેત્રીય કાર્યાલય-આણંદના મીનાબેન ભાટિયાને સ્પર્ધામાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા.

**આણંદની તમામ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્વરચિત કાવ્ય સ્પર્ધા** રાખવામાં આવી હતી જેનો વિષય **''આનેવાલા કલ હમારા હૈ''** રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ અને દ્વિતીય નંબરે પરમાર વિક્રમભાઇ અને માનોજ રાવજીભાઇ આવ્યા હતા. તેમને સર્ટીફિકેટ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા.

**આણંદની સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓ માટે પત્રલેખન સ્પર્ધા** રાખવામાં આવી હતી, જેનો વિષય **'૨૧વી સદી કી હિન્દી પ્રગતિ કે પથ પર'** રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ નંબરે રમેશચંદ્ર પ્રજાપતિ, આઇ. જે. પટેલ

બી.એડ્. કોલેજ, મોગરી, બીજા નંબરે ઠાકોર રવિકુમાર બી., એન. એચ. પટેલ બી.એડ્. કોલેજ અને તૃતીય નંબરે જાદવ અલ્પેશભાઇ, સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, બાકરોલના વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ સાથે શુભેચ્છા પાઠવવામાં આવી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી એલ. એમ. અસ્થાનાએ રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ તથા હિન્દી ભાષાને મળેલ સ્થાન પર પોતાના વિચારો રજૂ કર્યા. સાથે હિન્દી ભાષા ફક્ત એક દિવસ માટે ન બોલતા દરરોજ તેના માટે પાંચ મિનિટ ફાળવવાની વાત કરી. પોતાની માતૃભાષા પ્રત્યે પ્રેમ રાખવાની વાત પર ભાર મૂક્યો અને સતત હિન્દીના સાહિત્યનું વાચન કરવાની વાત કરી.

સાથે ડૉ. સગ્ગુ સાહેબ અને શ્રીવાસ્તવ સાહેબે પણ હિન્દી ભાષાના ગૌરવ અને તેના પ્રચાર પ્રસારના માધ્યમ પર વાત કરી રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ સમજાવ્યું.

આ કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી રાધા અને સુનિતાબેને કર્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં નિવૃત્ત અધ્યાપક ડૉ. શરદભાઇ પટેલનું વ્યાખ્યાન** ગોઠવવામાં આવ્યું હતું. ડૉ. એસ. કે. પટેલે શાળા વ્યવસ્થાપન સંદર્ભે વર્ગવ્યવહારના ઘટકો અને મેટ્રીક્સ વિશેની તલસ્પર્શી માહિતી આપી હતી.

➢ **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**ના સુવર્ણ જયંતિ વર્ષ, સ્વર્ણિમ ગુજરાત તેમજ **સ્વ. ડૉ. દોલતસિંહ પરમાર સ્મૃતિ વ્યાખ્યાનમાળા** અંતર્ગત તાજેતરમાં વ્યાખ્યાનનું આયોજન સંસ્થા તેમજ પ્રિ. આર. એસ. ત્રિવેદી એજ્યુકેશન ફાઉન્ડેનશનના સંયુક્ત ઉપક્રમે રાખવામાં આવ્યું હતું. જેમાં એમ.એસ. યુનિવર્સિટીની શિક્ષણ અને મનોવિજ્ઞાન વિદ્યાશાખાના કાર્યકારી અધ્યક્ષ પ્રો. (ડૉ.) એસ. કુમારે મહેમાન વક્તા તરીકે ઉપસ્થિત રહી **''શિક્ષક અને શિક્ષણમાં ગુણવત્તા''** વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. પ્રો. એસ. કુમારે આ વ્યાખ્યાનમાં પ્રાચીન ભારતીય શિક્ષણની વિશેષતાઓ દર્શાવી, અંગ્રેજી શિક્ષણના અમલથી ભારતીય શિક્ષણ વ્યવસ્થા અને જનમાનસમાં આવેલ પરિવર્તનની પ્રક્રિયાનો આબેહૂબ ચિતાર રજૂ કર્યો હતો. તેમણે અંગ્રેજી શિક્ષણ વ્યવસ્થા દાખલ કરીને તે દ્વારા ભારતીય શિક્ષણ વ્યવસ્થાને પહોંચાડેલ હાની અને તેની અસરોની વિગતે ચર્ચા કરી હતી. તેમણે પ્રશિક્ષણાર્થીઓને પ્રાચીન ભારતીય શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાનો અનુરોધ કર્યો હતો. તેમણે શિક્ષકના વ્યવસાયમાં વિદ્યાર્થી પ્રેમ, નીડરતા, માનસ પરિવર્તન, ચારિત્ર્ય જેવા પાસાં પર ભાર મૂકવાનો વિચાર રજૂ કર્યો હતો. તેમણે શિક્ષકને ન કેવળ શિક્ષણના ક્ષેત્રે પણ રાજકારણ અને સમાજના ક્ષેત્રોમાં પણ પોતાની ક્ષમતા અને અસર પહોંચાડવાનું જણાવ્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં **VOIP ટેકનોલોજી** ઉપર તાજેતરમાં બી.સી.એ., બી.બી.એ. (આઇટીએમ) અને પી.જી.ડી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે સેમીનાર યોજાઇ ગયો.

આ સેમીનારમાં શ્રી મૌલિક શાહે સુંદર પ્રેઝન્ટેશન સાથે એક્સપર્ટ લેક્ચર આપ્યું હતું તથા વિદ્યાર્થીઓએ વાઇફાઇ, ફીશીંગ, સ્ટેગ્નોગ્રાફી, બ્લુટુથ વિગેરે વિષયો ઉપર પોસ્ટર તથા પેપર પ્રેઝન્ટેશન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓનો અપ્રતિમ પ્રતિસાદ સાંપડ્યો હતો.

➢ **Dr. Jignesh H. Trivedi** presented the research paper entitled "Super Absorbent Hydrogels from Sodium salt of Partially Carboxymethylatd Tamarind Kernel Powder-g-PAN: Synthesis, Characterization and Swelling Behaviour" at the **Frontiers in Polymer Science and International Symposium (celebrating the 50th anniversary of the Journal Polymer)** held at Congress Centrum, Maniz, Germany.

➢ **Prof. H. C. Trivedi** delivered **Inaugural Address** as **Chief Guest** on the Foundation Day function of Society for Polymer Science (Pune Chapter) at National Chemical Laboratory, Pune on 30th July 2009.

He also delivered an Invited Lecture on "Studies in Graft Copolymers of Sodium salt of Partially Carboxymethylated Guar Gum: Synthesis, Characterization and Evaluation" at the Foundation Day Function of the Society for Polymer Science (Pune Chapter) held at National Chemical Laboratory Pune.

➢ **ડૉ. જયપ્રકાશ એમ. ત્રિવેદીએ NAACની પીઅર ટીમના સભ્ય તરીકે** ઉત્તર પ્રદેશના ઘટાવા શહેરમાં આવેલ કર્મક્ષેત્ર પી.જી. કોલેજની મુલાકાત લઇ તેના મૂલ્યાંકન કાર્યક્રમમાં ભાગ લીધો. વધુમાં તેઓની તા. ૧૨ થી ૧૪ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન બારાશાહી પી. એસ. કોલેજ, મયુરભંજ (ઓરીસ્સા)ના મૂલ્યાંકન માટે રચાયેલ NAACની પીયર ટીમમાં સભ્ય તરીકે પણ નિયુક્તી કરવામાં આવી છે.

➢ અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા **ડૉ. એસ. એમ. મકવાણા** ૩થી ૭ જાન્યુઆરી ૨૦૧૦ દરમિયાન ત્રિવેન્દ્રમ ખાતે યોજાનારી **ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસની ૯૭મી સેશનની એન્થ્રોપોલોજીકલ એન્ડ બિહવીયરલ સાયન્સની સેકશનલ કમિટીના સભ્ય** તરીકે ચૂંટાઇ આવ્યા છે. અભિનંદન !

## Research

**➢ માનવ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગની સંશોધન યોજના : "Survey and Pilot Study for Strengthening Statistical System for Human Development for the Dang District"** મંજૂર કરી આવર્તક અને અનાવર્તક ખર્ચ પેટે રૂા. ૪,૧૬,૩૨૫/-નું અનુદાન મંજૂર કર્યું છે. અભિનંદન !

## Governence

**➢ કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ અધ્યાપકોને પ્રમોશન**

૧. ડૉ (શ્રીમતી) સોનલ વી. ભટ્ટ, અનુ. અર્થશાસ્ત્ર વિભાગ - સીનીયર સ્કેલ, ૧૬-૬-૨૦૦૭થી

૨. ડૉ. પંકજ એસ. સુવેરા, અનુસ્નાતક માનસશાસ્ત્ર વિભાગ- સીનીયર સ્કેલ, ૨૧-૭-૨૦૦૯થી

**➢ અર્થશાસ્ત્રની અભ્યાસ સમિતિની પુનઃ રચના**

**ડૉ. એમ. સી. પટેલ**, આચાર્યશ્રી, એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદની **અર્થશાસ્ત્ર અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે તા. ૧૮-૯-૨૦૦૯થી ત્રણ વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી છે.

---

(પાન ૧૨થી ચાલુ...)

આ તો કમાલ કહેવાય.
હા વેદને યથાવત સાચવવાનું શાસ્ત્ર છે. એને વેદવિકૃતિ કહે છે. પણ એ બધી આંટીઘૂંટીમાં પડવા જેવું નથી...
બરાબર છે. ભારતની ભવ્યતાની ઝલક વેદનું અધ્યયન કરતાં મળી રહે. સાચું ને ? હા, એમ જ. પણ વેદનું અધ્યયન, અર્થઘટન માનીએ એટલું આસાન નથી. કેમ એવું ?
કારણ કે એ સરળ, સુબોધ ભાષામાં નથી. એની ભાષા ઝટ સમજાય એવી નથી. એની ભાષા તો પ્રતીકાત્મક છે. રૂપકાત્મક છે. એમાં કવિતા અને ફિલસૂફીનો સમન્વય છે.
પણ વેદનું અર્થઘટન કોઈએ તો કર્યું હશે ને ?
હાસ્તો વળી, એવો પહેલો પ્રયત્ન કર્યો યાસ્ક નામના ઋષિએ. પણ એમણે કોશગત અર્થો-ડિક્શનરી મીનીંગ્સ આપ્યા. એ પછી સાયણ નામના આચાર્યે પ્રતીકાત્મક અર્થો આપ્યા. મેક્સમૂલર જેવા વિદ્વાનોએ ભાષાશાસ્ત્રના આધારે અર્થઘટન આપ્યું. દયાનંદ સરસ્વતીએ વેદોના અર્થ કર્યા. શ્રી અરવિન્દે કર્યા. આમ છતાં આપણે કહેવું પડે સત્યં જ્ઞાનં અનંતમ્ !
આ બધું તો બરાબર. પણ મારે વેદનો પરિચય મેળવવો છે. તો શું વાંચું ? ભાઈકાકા ગ્રંથાલયમાં પહોંચી જાવ. ત્યાં વેદ પરિચય શ્રેણીના ઘણાં બધાં પુસ્તકો છે. વિષ્ણુદેવ પંડિતે આ પુસ્તકો દ્વારા વેદ પરિચય કરાવ્યો છે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડનું આ પ્રકાશન છે. આ વાંચીએ તો વેદ પરિચય મળી રહે.
અચ્છા તો હમ ચલતે હૈ...
કહાં...
કહાં તે ભાઈકાકા ગ્રંથાલયમાં વળી. વેદ પરિચય શ્રેણી જોવા, વાંચવા...

**- પરમ પાઠક**

# પરીક્ષા ભવનની શિલારોપણ વિધિ



૧૯ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના સ્વતંત્ર પરીક્ષા ભવનનું ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી માનનીયશ્રી રમણલાલ વોરાના હસ્તે થઈ. એક સાથે ૨૮૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે એવી આ ભવનની ક્ષમતા છે. આ ભવનને તમામ અદ્યતન સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહ્યું છે.

## આપણું ગૌરવ

**ડૉ. રમેશ મકવાણાને "ભારત શિક્ષા રત્ન એવૉર્ડ" એનાયત**

તાજેતરમાં ગ્લોબલ સોસાયટી ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશનલ ગ્રોથના ઉપક્રમે સમગ્ર ભારતમાંથી શિક્ષણક્ષેત્રે, યુવાનોના વિકાસ સંદર્ભે અને સામાજિક સેવાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરવા બદલ એવૉર્ડ સમારંભ (કોનોટ હોટલ, શહીદ ભગતસિંહ માર્ગ, કોનોટ પ્લેસ, નવી દિલ્હી) યોજાયો હતો.

આ સમારંભમાં ડૉ. રમેશ મકવાણા, રીડર, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીને "ભારત શિક્ષા રત્ન એવૉર્ડ" શ્રી જી. વી. ક્રિશ્નામૂર્તિ, ભૂતપૂર્વ ચૂંટણી કમીશ્નર, ભારત સરકારના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

એવૉર્ડની પસંદગી માટે ડૉ. રમેશ મકવાણાની ગુજરાતની મહિલા સરપંચો પરના મેજર સંશોધન પ્રોજેક્ટ સંદર્ભે કરેલી કામગીરી-જેમાં ખાસ કરીને મહિલા સરપંચોને પંચાયતના માળખાની જાણકારી આપવી, તેમની સાથે ઉપસ્થિત પ્રશ્નો-પડકારોમાં કેવી રીતે સમાયોજન અને અનુકૂલન સાધવું તથા સરપંચની અસરકારક ભૂમિકા ભજવવા કઈ કઈ બાબતો લક્ષમાં રાખવી તેનું કાઉન્સેલીંગ કર્યું, તેમજ પંચાયત સાથે સંકળાયેલા યુવાનોને નેતૃત્વની તાલીમ આપી અને પંચાયતમાં સહભાગી થવા પ્રેરણારૂપ માર્ગદર્શન આપ્યું વગેરે કામગીરી લક્ષમાં રાખી હતી.

સરદાર પટેલ એજ્યુકેશન સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં યોગ તાલીમ વર્ગ**નું આયોજન તા. ૩-૯-૨૦૦૯ને ગુરૂવારના રોજ કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં યોગ શિક્ષક શ્રી લાલાભાઇએ ૧૫૦ ઉપરાંત યોગાસનોનું નિદર્શન કર્યું હતું.

આ વર્ષે **યુનિવર્સિટી મ્યુઝિયમ** તેનું હિરક-મહોત્સવ ઉજવી રહ્યું છે, તેના એક ભાગરૂપે તાજેતરમાં શ્રી જીગ્નેશ બી. પટેલના **''હેરિટેઝ વ્યૂહ''ના ફોટોગ્રાફસનું પ્રદર્શન** યોજાયું હતું. જેનું ઉદ્‌ઘાટન ડૉ. ન. લ. વેદ-કાર્યકારી નિયામકશ્રી, એકેડેમીક સ્ટાફ કોલેજ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરે કર્યું હતું.

આ પ્રદર્શનમાં શિલ્પ-સ્થાપત્ય જે ઐતિહાસિક રીતે મહત્વના છે તેમજ કલાની દષ્ટિથી પણ તે બેનમૂન છે તે પ્રદર્શિત કર્યા. આ ફોટાઓ દ્વારા ભારતનો વારસો લોકો સુધી પૂરક માહિતી, કલાનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આજની અને આવનાર પેઢી આ વારસાને જતન કરે તેવા ઉપદેશથી પ્રદર્શન યોજાયું હતું.

આ પ્રદર્શનનો લાભ ગુજરાતભરના ૫૦૦૦ જેટલા મુલાકાતીઓએ લીધો હતો.

**એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**ના સુવર્ણ જયંતિ વર્ષ અને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે તા. ૧-૯-૦૯ના રોજ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) એકમ દ્વારા **''સ્વાઇન ફ્લુ સંદર્ભે જન જાગૃતિનું મહત્વ''** વિષય પર પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદના કોમ્યુનિટી મેડિસીન વિભાગના એસોસીએટ પ્રોફેસર ડૉ. દિનેશભાઇ ભંડારીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

પ્રસ્તુત વ્યાખ્યાનમાં ડૉ. દિનેશભાઇ ભંડારીએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સ્વાઇન ફ્લુના વાઇરસનું વિવિધ દષ્ટિકોણથી નિદર્શન કરાવી વાઇરસ અંગે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આ ઉપરાંત સ્વાઇન ફ્લુના વાઇરસના ફેલાવાનો કારણો, રીતો, રોગના ચિન્હો અને રોગને અટકાવવા માટેના ઉપાયો અંગે વિશદ્ છણાવટ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સ્વયં શિસ્ત, સારી આદતો, સકારાત્મક અભિગમ અને તબીબી સહાય સ્વાઇન ફ્લુને અટકાવવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે. સમજ આપતા તેમણે રમૂજભર્યા વિવિધ દષ્ટાંતો રજૂ કર્યા હતા.

સરદાર પટેલ એજ્યુકેશન સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અન્વયે સામુદાયિક સેવાધારા અંતર્ગત **'સ્વાઇન ફ્લુ અવેરનેસ પ્રોગ્રામ'** યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદના કોમ્યુનિટી મેડિસીન ઓફિસર ડૉ. દિનેશભાઇ ભંડેરી તથા ધર્મેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સામુદાયિક સેવાધારાના ઇન્ચાર્જ ડૉ. જે. જે. રાણાએ સ્વાઇન ફ્લુ અવેરનેસ પ્રોગ્રામની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ડૉ. દિનેશભાઇ ભંડેરીએ સ્લાઇડ શો દ્વારા સ્વાઇન ફ્લુ વિશેની તલસ્પર્શી માહિતી આપતા જણાવ્યું હતું કે, આ રોગથી ડરવાની જરૂર નથી પણ આ રોગ ન થાય તે માટેની સાવચેતી રાખવી જરૂરી છે. ડૉ. દિનેશભાઇ ભંડેરીએ તાલીમાર્થીઓને સ્વાઇન ફ્લુની અફવા ફેલાતી અટકાવવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સ્વયં શિસ્ત, સારી આદતો, તબીબી સહાય અને સકારાત્મક અભિગમ દ્વારા આ રોગને મહાત કરી શકાય છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન સામુદાયિક સેવાધારાના ઇન્ચાર્જ ડૉ. જે. જે. રાણાએ કર્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં **''સ્વાઇન ફ્લુ'' જાગૃતિ અંગેનો કાર્યક્રમ** યોજાયો

આ કાર્યક્રમમાં આણંદ હોમિયોપેથિક કોલેજના ડૉ. આશિષ શાહ અને ડૉ. પંકજ મકવાણાએ ''સ્વાઇન ફ્લુ'' અંગે વિસ્તૃત સમજ આપી તથા તેના લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરી. સાથે ''સ્વાઇન ફ્લુ'' થતો અટકાવવા માટે વિવિધ ઘરગથ્થુ ઉપચારોની વિસ્તૃત સમજ આપી સાથે સ્વાઇન ફ્લુ સામે રક્ષણ મેળવવા ડૉ. અંશુલ શાહે બનાવેલ હોમિયોપેથિક ગોળીઓનું સ્ટાફ, વહીવટીગણ તથા તાલીમાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું.

આણંદ ફાર્મસી કોલેજની વિદ્યાર્થીની દ્વારા ''સ્વાઇન ફ્લુ''નો સ્લાઇડ શો બતાવવામાં આવ્યો હતો.

સરદાર પટેલ એજ્યુકેશન સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**, શ્રી રામકૃષ્ણ સેવામંડળ ટ્રસ્ટ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** તથા **બ્રહ્માકુમારી, આણંદ**ના સંયુકત ઉપક્રમે બ્રહ્માકુમારી હોલ, આણંદ ખાતે **સ્ટ્રેસ મેનેજમેન્ટ સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં બ્રહ્માકુમારી નેહાબેને સ્ટ્રેસ મેનેજમેન્ટ પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મનનીય વકતવ્ય આપ્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝ (AIBS)** દ્વારા તા. ૨૬-૯-૦૯ને શનિવારના રોજ એ.ડી. ગોરવાલા બ્લડ બેંકના સહયોગથી ભાઈકાકા હોલ ખાતે એક **બ્લડ ડોનેશન કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં AIBSના ૪૦થી વધુ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક બ્લડ ડોનેશન કર્યું હતું.

**એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૨૩-૮-૦૯ને રવિવારે **પૂજ્ય શ્રી મોટા શિક્ષણ ચિંતન વિસ્તરણ પીઠ અંતર્ગત 'માધ્યમિક શિક્ષણઃ ગુણવત્તા અને સુધારણા' વિષય પર એક દિવસીય પરિસંવાદનું** આયોજન થયું હતું. એમાં સ્થાનિક ૩૦ માધ્યમિક શિક્ષકો અને બી.એડ્. કોલેજના અધ્યાપકો સહભાગી બન્યા હતા.

આ પ્રસંગે અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા પ્રો. (ડૉ.) એમ. કે. યાજ્ઞિકે હાર્દરૂપ વ્યાખ્યાન આપી વૈશ્વિક ફલકથી લઇને સ્થાનિક ફલક ઉપર શિક્ષણ સાથે સંકળાયેલા કેટલાંક મુદ્દાઓની વિશદ્ છણાવટ કરી હતી. તેમણે સૌ સહભાગીમિત્રો સમક્ષ તેમના શિક્ષક જીવનને લગતાં

કેટલાંક પ્રશ્નો રજૂ કરી તેના વિશે આત્મમંથન કરવાનો અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત ડૉ. નીપાબેન ભરૂચાએ 'શિક્ષણ, વિજ્ઞાન અને અધ્યાત્મ' તથા ડૉ. ઉષાબેન કે. ખેર અને પ્રા. દિપાલીબેન એ. મહિડાએ વર્ગખંડમાં ઉપયોગી "Learning Aids અને art of question framing" અંગે ટીમ ટીચીંગ દ્વારા સમજ અને નિદર્શન પૂરાં પાડ્યાં હતા.

સમાપન સમારંભમાં ચેરના અધ્યક્ષ પ્રિ. (ડૉ.) એન. આર. પટેલ અને પ્રો. (ડૉ.) એમ. કે. યાજ્ઞિકે સહભાગીમિત્રોને તેમની સક્રિય સહભાગિતા માટે અભિનંદન પાઠવી પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

સેમિનારનું આયોજન તેમજ સંચાલન ડૉ. યુ. કે. ખેરે કર્યું હતું.

➤ ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત **સેમકોમ કોલેજ**માં ચાલતા માસ્ટર્સ ઇન ઇ બિઝનેસના વિદ્યાર્થીઓ માટે **અમેરિકા સ્થિત ટોચની ૧૦૦ કંપનીમાં સ્થાન ધરાવતી મેડટ્રોનિક્સ કંપનીના પ્રોજેક્ટ મેનેજર શ્રી અમિત બ્રહ્મભટ્ટનું વ્યાખ્યાન** યોજવામાં આવ્યું હતું. શ્રી અમિત બ્રહ્મભટ્ટે પોતાના અનુભવોની વિગતે વાત કરી હતી. ખાસ કરીને હાલના મંદિના સમયમાં ધંધાને જીવંત રાખવા એથિકલ બિઝનેસ પ્રેક્ટીસ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. તેની વિગતો આપી વિદ્યાર્થીઓને વધુ ને વધુ જાણકારી મેળવવા શીખ આપી હતી. હાલમાં પોતાની કંપનીમાં ચાલતા ઇઆરપી ઇમ્પ્લીમેન્ટેશનનો અનુભવ ટાંકી આઇટી ઉદ્યોગના બધા જ પાસાની છણાવટ કરી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં વસ્તી શિક્ષણ કલબના ઉપક્રમે તા. ૮-૯-૦૯ના રોજ **વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી** કરવામાં આવી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે મહાત્મા ગાંધી વિદ્યાલય મોગરીના નિવૃત્ત આચાર્યા શ્રીમતી કલેરાબેન પરમાર ઉપસ્થિત હતા.

સંસ્થાની તાલીમાર્થી સ્મિતલ પરમાર અને રાધા ભોઇએ વિશ્વ સાક્ષરતા દિન વિશે વકતવ્ય રજૂ કર્યા હતા. તાલીમાર્થી પ્રિયંકા મહીડાએ સાક્ષરતા ગરબો રજૂ કર્યો હતો તથા તાલીમાર્થીઓ અનુપમા ઘોડિયા અને દિવ્યા વસાવાએ સાક્ષરતા ગીત રજૂ કર્યું હતું. તાલીમાર્થી બિનીતા પટેલ અને સુનીતા રાઠવાએ સાક્ષરતા સૂત્રોચ્ચાર કરાવી કોલેજનું વાતાવરણ સાક્ષરતામય બનાવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી કલેરાબેન પરમારે સાક્ષરતાનું મહત્વ સમજાવી દરેક સાક્ષર વ્યક્તિ આ કાર્યક્રમમાં ભાગીદાર બનશે તો કંઇક ચોક્કસ પરિણામ મળશે એમ જણાવ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં એન.સી.સી. વિભાગના ઉપક્રમે **એન.સી.સી.માં જોડાયેલા વિદ્યાર્થીઓને 'શપથ ગ્રહણ'** કરાવવા કુ. ધ્વનિ શર્માના અતિથિ વિશેષ પદે યોજવામાં આવેલ. કુ. ધ્વનિ શર્માએ કોલેજના એન.સી.સી. કેડેટ્સને જીવનમાં સફળતા મેળવવા જરૂરી દસ સૂત્રોની માહિતી ઉદાહરણ સહિત આપી વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંડર ઓફિસર શિવાંગી શુકલાએ અન્ય કેડેટ્સની મદદથી કર્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તાજેતરમાં ડૉ. મિનાક્ષીબેન શેલતના મહેમાનપદે **વાલી સંમેલન કાર્યક્રમ** યોજાયો.

કાર્યક્રમમાં વાલીમંડળની વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલીમાર્થી બહેનો દ્વારા સ્ત્રી સશક્તિકરણ પર નાટક રજૂ કરવામાં આવ્યું. સાથે ગુજરાતી ગરબો અને સ્ત્રી ભૃણ હત્યા પર નાટિકા રજૂ કરવામાં આવી.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના એમ.કોમ. વિભાગ દ્વારા **પ્રથમ વર્ષના એમ.કોમ.ના વિદ્યાર્થીઓનો આવકાર સમારંભ** તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ સમારંભનું સંપૂર્ણ સંચાલન એમ.કોમ.ના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કર્યું હતું. સમારંભના અતિથિ વિશેષ તરીકે એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના આચાર્ય શ્રી ડૉ. ડી. યુ. પટેલે પદ શોભાવ્યું હતું.

➤ ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત **સેમકોમ કોલેજના સોશ્યલ આઉટરીચ સેલ દ્વારા** આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ઉંટખરી, લીંગડા, આશીપુરા અને થામણા ચાર ગામમાં આશરે **૫૫૦ વૃક્ષોનું વાવેતર** કરવામાં આવ્યું હતું.

થામણા ગ્રામ પંચાયતના સરપંચશ્રી ચંદ્રકાન્તભાઇ મુખી, આશીપુરાના સરપંચશ્રી ધીરુભાઇ સોલંકી, લીંગડાના ધીરુભાઇ પટેલ તથા ઉંટખરીના શ્રી છત્રસિંહ ચૌહાણ તથા ગ્રામ પંચાયતના સભ્યોના સહકારથી ગૌચરની જમીન, શાળાનું મેદાન વિગેરે જગ્યાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી વૃક્ષોની રોપણી કરવામાં આવી છે.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા અન્વયે **યોગ-ધ્યાન શિબિર**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યોગાસન તજ્જ્ઞ લાલાભાઇએ વિવિધ યોગાસનોની નિદર્શન સાથે સમજૂતી આપી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. ડી. યુ. પટેલે તાલીમાર્થીઓને યોગ શિક્ષણ લેવાની હિમાયત કરી હતી.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના 'વિમેન્સ સેલ' તથા 'જાગૃત મહિલા સંગઠન', આણંદના સંયુક્ત ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત કોલેજની બહેનો માટે દસ દિવસની **કરાટે બેઝિક તાલીમ શિબિર**નું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્તમાન અસલામત પરિસ્થિતિમાં જરૂર પડ્યે બહેનો સ્વબચાવ કરી શકે તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૫૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. કોલેજનાં ફીઝીકલ ઇન્સ્ટ્રકટર અને "Karate Black Belt Third Dan" મેળવેલ કુ. કિશ્નાબેન પટેલે વિદ્યાર્થીઓને જુદી-જુદી ટેકનીકસ શીખવી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** અને ગાયત્રી પરિવાર, હરીદ્વાર દ્વારા **'બેટી બચાવો' અભિયાન અંતર્ગત** તા. ૫-૯-૦૯ના શનિવારના રોજ **દશ્ય શ્રાવ્ય માધ્યમ (CD) દ્વારા એક નાટ્ય શો** યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નારી જાગૃતિ, ભૃણ તપાસ, જો ગર્ભ નારી હોય તો ગર્ભપાત, શિક્ષિત સમાજમાં સ્ત્રીનું સ્થાન, વગેરે જેવી બાબતો ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

➤ **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**ના સુવર્ણ જયંતિ વર્ષ અને સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે **''વિપશ્યના સાધના''** વિષય પર સ્લાઇડ નિદર્શન અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિપશ્યના રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા નિર્મિત સ્લાઇડ નિદર્શન દ્વારા પ્રશિક્ષણાર્થીઓને ધમ્મગિરિ સ્થિત બૌદ્ધ ધર્મના પગોડામાં વિપશ્યના સાધના માટેની વ્યવસ્થા, પ્રાકૃતિક વાતાવરણ તેમજ વિપશ્યનાનો ઉદ્ભવ-વિકાસની સુંદર સમજ આપવામાં આવી હતી. આ સ્લાઇડ નિદર્શન દ્વારા પ્રશિક્ષણાર્થીઓ વિપશ્યના સાધના માટેની તાલીમ, કાર્યવિધિ, સમય મર્યાદા તેમજ નિયમોથી અવગત થયા હતા.

સ્લાઇડ નિદર્શન બાદ શ્રી જયંતિભાઇ ઠક્કરે પ્રશિક્ષણાર્થીઓને ભાવિ શિક્ષકજીવનમાં વિપશ્યના સાધનાનું મહત્વ સ્પષ્ટ કર્યું હતું. તેમણે યુનેસ્કોની કમિટિ દ્વારા તૈયાર થયેલા જીવનભરની શિક્ષાના ચાર સ્તંભો સમજાવ્યા હતા. જેમાં મૂલ્યવાન શિક્ષકના (૧) જાણવાની શિક્ષા (૨) કરવાની શિક્ષા (૩) એક સાથે રહેવાની શિક્ષા અને (૪) સ્વયંને જાણવાની શિક્ષાનો સમાવેશ થાય છે.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** દ્વારા તા. ૯-૯-૦૯ને બુધવારના રોજ **શિક્ષકદિનની ઉજવણી** કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ જ આચાર્ય અને અધ્યાપકો તરીકેની ભૂમિકા ભજવી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લો કોલેજ** દ્વારા તા. ૫-૯-૦૯ના દિને વિદ્યાર્થીઓ દ્વારા **સ્વયં શિક્ષક દિનની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ષ તથા બી.એ.એલએલ.બી. ફાઇવ યરના વિદ્યાર્થીઓએ ભાગ લઇ કાયદાના વિષય ઉપર તેમના જ સહાધ્યાયીઓને અભ્યાસ કરાવીને માર્ગદર્શન આપ્યું હતું.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં **શિક્ષકદિનની ઉજવણી** કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વકતા તરીકે એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના આચાર્ય ડૉ. નાથુભાઇ પટેલ પધાર્યા હતા. ડૉ. નાથુભાઇ પટેલે ડૉ. સર્વપલી રાધાકૃષ્ણનની શૈક્ષણિક ફિલસૂફી અને આજના શિક્ષકોએ અનુકરણીય એવી બાબતો પર ધ્યાન કેન્દ્રિય કેવી રીતે કરવું જોઇએ તેનું તજ્જ્ઞીય વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓએ શિક્ષણકાર્ય કર્યું હતું.

➤ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**ના **સુવર્ણ વર્ષ, સ્વર્ણિમ ગુજરાત અને શિક્ષકદિનની ઉજવણી**ના ભાગરૂપે તા. ૫-૯-૦૯ના રોજ સંસ્થા અને કોમ્યુનીટિ સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે **'શિક્ષક પ્રશિક્ષણઃ ગણવત્તા'** વિષય પર નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (NCTE), WRC ના અધ્યક્ષ પ્રો. (ડૉ.) ડી.આર. ગોયલનું વ્યાખ્યાન યોજાયું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાં પ્રો. ગોયલે પ્રશિક્ષણાર્થીઓને શિક્ષકદિનની શુભેચ્છા પાઠવી જણાવ્યું હતુ કે 'We all should transcend our ideas in search of better ideas'. તેમણે પોતાના વકતવ્યમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના કેટલાંક જીવનપ્રસંગો ટાંકીને, સૌ પ્રશિક્ષણાર્થીઓને શિક્ષણના પ્રવર્તમાન પ્રવાહોથી વાકેફ કર્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે 'The field of Education has its own identity' તેથી નવા વિચારોને સ્વીકારી પરિવર્તનશીલ બની નવા યુગ સાથે સુસંગતતા સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રસંગે વે મેઈડ કોલેજના આચાર્યા ડૉ. સુલભાબેન નટરાજે અધ્યક્ષીય ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે આજના માહિતી અને જ્ઞાન વિસ્ફોટના યુગમાં શિક્ષકે બહુવિધ્ સજ્જતા કેળવવી પડશે.

➤ **વે-મેઈડ કોલેજ ઓફ એજ્યુકેશન** ખાતે તા. ૫મી સપ્ટેમ્બરના રોજ **શિક્ષક દિનની ઉજવણી** કરવામાં આવી હતી. ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થી પ્રશિક્ષાર્થીઓ દ્વારા મહાવિદ્યાલય શિક્ષકો તથા આચાર્યાને પુષ્પગુચ્છ અર્પણ કરી શિછક્ષકદિનની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ દિને પ્રશિક્ષણાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું જીવનદર્શન તથા શિક્ષણ દર્શન અંગે પ્રશિક્ષણાર્થી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. વિવિધ મુદ્દાઓને વણી લેતાં ચાર લઘુ નાટકોની રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં અભિવ્યક્તિ કૌશલ્યના વિકાસ માટે, સાંપ્રત સમસ્યાઓના વિવેકપૂર્ણ ઉકેલ માટેની જાગૃતતા કેળવવા માટે **Round Table Conference** અને સમૂહ જૂથ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. **'અંગ્રેજી માધ્યમની શાળાઓ ગુજરાતી માધ્યમની શાળાઓની સરખામણી બાળકોના સર્વાંગી વિકાસ માટે વધુ તકો પૂરી પાડે છે'** એ વિષયને અધિકૃત આયોજિત Conferenceમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સમૂહ જૂથ ચર્ચામાં **'૨૦૨૦માં વિકસીત ભારતની'** કલ્પનાને વાસ્તવિકતાની એરણ પર ચકાસવાનો પ્રયત્ન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. દિવસાન્તે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા શૌર્યપૂર્ણ દેશભક્તિ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર પ્રવૃત્તિઓનું સંચાલન મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં તા. ૫-૯-૨૦૦૯ના રોજ બી.કોમ., બી.બી.એ., બી.બી.એ.(ફોરેન ટ્રેડ)ના વિદ્યાર્થીઓ દ્વારા **શિક્ષકદિનની ઉજવણી** કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ દિવસની ઉજવણી કરી અને

શિક્ષકની ફરજો, શિક્ષકનું કાર્ય, જવાબદારી શું છે તેના અનુભવો તેમને થયા.

**એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**ના **સુવર્ણ વર્ષ, સ્વર્ણિમ ગુજરાત ઉજવણી**ના સંદર્ભમાં કોલેજના વીમેન સેલ અંતર્ગત, અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, હરિદ્વારના **'બેટી બચાવો'**ના વિચારને સમાજમાં વહેતો કરી વૈચારિક પરિવર્તન લાવવા માટે એક **ટેલિફિલ્મનું નિદર્શન** યોજવામાં આવ્યું હતું. આ ટેલિફિલ્મનો હેતુ દહેજ પ્રથા વિરોધ, નારીની સાક્ષરતા, વૈચારિક પરિવર્તન, વ્યસનમુક્તિ અને લિંગ પરીક્ષણ વિરોધના મુદ્દાઓને વાચા આપી સ્ત્રી સશક્તિકરણ પર ભાર મૂકવાનો હતો.

**આણંદ એજ્યુકેશન કોલેજ** તથા **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનના** સંયુક્ત ઉપક્રમે અને CWDCના નેજા હેઠળ **'અસ્તિત્વ' ફિલ્મ જોવાનો કાર્યક્રમ** યોજાયો.

ફિલ્મના નિદર્શન બાદ તાલીમાર્થીઓને ફિડબેક ફોર્મ ભરાવવામાં આવ્યા અને તાલીમાર્થીઓને મૂંજવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના ચર્ચાસભા વિભાગના ઉપક્રમે **જપમી એ.ડી.શ્રોફ મેમોરીયલ વક્તૃત્વ સ્પર્ધા** યોજાઈ ગઈ. આ કોલેજ દર વર્ષે છેલ્લા ૨૫ વર્ષથી આ સ્પર્ધા યોજે છે. ચાલુ વર્ષે આ સ્પર્ધામાં ૫ વિષય પૈકી ગમે તે એક વિષય પર બોલવાનું હતું. કુલ ૨૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં શૈવાંગી શુકલા પ્રથમ, નીતા ચંદાની દ્વિતીય અને પુનિતા રાજપુરોહિત ત્રીજા ક્રમે વિજેતા જાહેર થયા હતા.

The **Post Graduate Department of Economics** organised the Annual "**H. M. Patel Memorial Elocution Competition**" on September 17, 2009. The event was sponsored with a grant from Charutar Vidya Mandal. The topic for the debate was related to the broad areas of interest of Shri H. M. Patel, the late illustrious Chairman of Charutar Vidya Mandal.

At the outset, Dr. (Mrs.) Sonal Bhatt, the cordinator of the programme, gave a brief outline of the illustrious career of Shri H. M. Patel and his association with Vallabh Vidyanagar, to the participants.

Nineteen students from different affiliated colleges and Post Graduate Departments of Sardar Patel University Participated in the event and spoke on the topic "**Rise of Regionalism is a Threat to the Indian Nation**". It was heartening to experience the enthusiasm and conviction with which the young students made their presentations in English, Gujarati and Hindi. The fact that, young students have definite ideas and vision on this very significant issue facing India today is certainly a cause of delight for us, the academic fraternity.

Prof. Param Pathak from the Department of Gujarati, Dr. P.V. Joshi from the Department of Sanskrit and Dr. (Ms.) Vibha Vaishnav, from the Department of Electronics acted as judges for the event. The first prize went to Saiyad Shabbirhussain from N.S. Patel Arts College, Anand, while the Second Prize was bagged by Swati Bhatt from H. M. Patel Institute of English Training and Research, Vallabh Vidyanagar. The Third prize was secured by Ruchi Bhatt from Institute of Science and Technology for Advanced Studies and Research (ISTAR).

રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લો કોલેજ** તથા **સોસાયટી ફોર ટ્રેનિંગ, એકેડેમિક એન્ડ રીસર્ચ (સ્ટાર ટ્રસ્ટ), આણંદ**નાં સંયુક્ત ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ અંતર્ગત **શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યુ હતું. **'શિક્ષણનાં ખાનગીકરણનાં યુગમાં આજનાં શિક્ષકની ભૂમિકા'** વિષય ઉપર યોજાયેલ આ સ્પર્ધામાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ ૧૬ કોલેજનાં પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. એમ.બી.એ. કોલેજનાં ડાયરેક્ટરશ્રી ડો. એન.એન. પટેલ તથા એજ્યુકેશન વિભાગમાંથી પ્રોફેસર ડૉ. પલ્લવીબેન પટેલે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. આણંદ હોમિયોપેથી કોલેજનાં મયુર છતાણી પ્રથમ, એચ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈંગ્લીશનાં રૂબીના શેખ દ્વિતીય તથા સી.ઝેડ. પટેલ કોલેજનાં ફાતિમા રતલામી તૃતીય વિજેતા જાહેર થયા હતાં. ઈનામો તથા સ્મૃતિ ચિહ્નો સ્ટાર ટ્રસ્ટ દ્વારા એનાયત કરવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજનાં પ્રોગ્રામ કોઓર્ડિનેટર તથા સ્ટારના પ્રમુખશ્રી આકિલ સૈયદએ કર્યુ હતું.

**એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન પરિવાર દ્વારા સુવર્ણ જયંતિ, સ્વર્ણિમ ગુજરાત તેમજ 'શિક્ષક દિન'**ની ઉજવણી નિમિત્તે તારીખ : ૮-૯-૨૦૦૯ના રોજ **આંતર કોલેજ પરિવિવાદ સ્પર્ધા**નું આયોજન થયું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં સરદાર પટેલ યુનિવર્સિટીની સ્નાતક કક્ષાની કુલ ૧૨ વિવિધ કોલેજોના ૨૪ સ્પર્ધકોએ **'પુસ્તકો સાથે પરીક્ષા એ પુસ્તકો ખુલ્લાં રાખવા અને મગજને તાળાં મારી દેવા સમાન છે.'** વિષય પર પક્ષ વિપક્ષમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત સ્પર્ધામાં અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા પ્રો.(ડૉ.) એમ. કે. યાજ્ઞિક અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ડૉ. પરમભાઈ પાઠક (અનુસ્નાતક ગુજરાતી વિભાગ), ડૉ. પ્રફુલ્લાબેન અમીન (એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન), ડૉ. મહેન્દ્રભાઈ અમીન (એમ.એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પીપળાવ)એ

નિર્ણાયકો તરીકે સેવા બજાવી હતી. ઉપસ્થિત મહેમાનોનો પરિચય સંસ્થાના અધ્યાપક ડૉ. જે. બી. પટેલે આપ્યો હતો.

પ્રસ્તુત સ્પર્ધામાં પ્રથમ ક્રમે એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રીસર્ચના પ્રશિક્ષણાર્થી શ્રી રાજેન્દ્રસિંહ મહિડા, દ્વિતીય ક્રમે એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના શ્રી પાર્થ કુમાર મહેતા અને તૃતીય ક્રમે શ્રી વિશાલકુમાર પરમાર વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં વિજયપદ્મ પરિવિવાદ શીલ્ડ એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રશિક્ષણાર્થીઓએ પ્રાપ્ત કર્યો હતો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં જેસીઆઈ-મિલ્કસીટી આણંદ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ માટે **ચર્ચા સ્પર્ધા** જેનો વિષય **'સાંપ્રત સમયમાં વિશ્વ સમક્ષ ભારતની વિદેશનીતિ આક્રમક હોવી જોઈએ કે સમાધાનકારી'**નું આયોજન કરવામાં આવ્યું હતું. ડીબેટ સ્પર્ધામાં આણંદ અને વલ્લભ વિદ્યાનગરની વિવિધ કોલેજોના આશરે ૪૬ જેટલા વિદ્યાર્થીઓએ જુસ્સાભેર ભારતની વિદેશનીતિ કેવી હોવી જોઈએ તેની રજૂઆત કરી હતી. નિર્ણાયક તરીકે ડૉ. જે. જે. રાણા, ડૉ. પી.સી. અમીન તથા ડૉ. નુસરત કાદરીએ સેવા આપી હતી. ચર્ચા સ્પર્ધામાં પ્રથમ ક્રમે બી.વી.એમ., વલ્લભ વિદ્યાનગરના કિશન જાંબુર, દ્વિતીય એમ.બી.પટેલ સાયન્સની ભક્તિ મોરી, તૃતીય બી.વી.એમ.ના આલોક કુલ્હાર તથા ચોથા અને પાંચમા ક્રમે આણંદ હોમિયોપેથીક કોલેજના મૈત્રી જોષી અને હેમાંક્ષી ભટ્ટ વિજેતા જાહેર થયા હતાં. સંસ્થાનો શિલ્ડ બી.વી.એમ., વલ્લભ વિદ્યાનગરને ફાળે ગયો હતો.

➢ **'આજે સુખ વધ્યાં છે પણ આનંદ ખોવાઈ ગયો છે'** આ વિષય પર **હિરાબા મહિલા મંડળે** મોટા બજારમાં **વક્તૃત્વ સ્પર્ધા** યોજી હતી. ૨૦ થી વધુ બહેનો પૈકી બીજેવીએમની બે બહેનો ઈનામને પાત્ર બની હતી. સૌથી પ્રથમ નંબરે ટીવાયબીએની કુ. જૂહી શાહ અને આશ્વાસન ઈનામ એફવાયબીએની કુ. રીન્કુ વણકરને ફાળે આવ્યું હતું.

➢ General body of the **Sardar Patel University Teachers Association (SPUTA)** in its meeting on 21st August 2009 **elected new office bearers** for the year 2009-2010. Following were elected unanimously.

Professor L. M. Manocha, Department of Materials Science was elected as President,

Prof. (Mrs.) Kiran Kalia, Department of Biosciences as Vice President,

Mr. Dharmesh P. Raykundaliya, Department of Statistics as Secretary,

Mr. K. D. Patel, Department of Physics as Joint Secretary and

Mr. Yagnesh M. Dalvadi, Department of Business Studies as Treasurer.

## BVM Diary

➢ BVM had arranged an **orientation program** at BVM Auditorium for their students. Principal, Head of all depts, OICS head, and GTU Coordinator were present on the occasion.

Birla Vishvakrma Mahavidyalaya took an initiative to improve the proficiency of their engineering students in communicative English. An an Initiative BVM had arranged TWO DAYS Personality Development Workshop. This program was conducted by H.M. Patel Career Development Center.

As an initiative to fill up the gap between academia and industries Birla Vishvakarma Mahavidyalaya (BVM) had arranged an introductory lecture on BVM-INFOSYS Campus Connect Program at BVM auditorium. Campus Connect is an industry-academia partnership initiative launched by INFOSYS. It aims to enhance the education level in Engineering students nationwide and this increase employability of these engineers. It helps partner colleges to groom industry ready engineers. This program was conducted by HR Personnel of INFOSYS. As a part of campus connects BVM is running CAMPUS CONNECT PROGRAMS to make engineers more employable. Twenty faculties from BVM have taken training from INFOSYS to train students for better employability. 69 students have taken this training and around 210 students are about to finish this training. Prof. A. D. Patel and Mr. Pawan Dwivedi coordinated the program.

➢ **વી. પી. સાયન્સ કોલેજ**માં વીર વિઠ્ઠલભાઈ પટેલના જન્મદિનની ઊજવણી નિમિત્તે પ્રતિવર્ષ વિ. પી. એમ. ગોલ્ડન જ્યુબિલી ફંડના નેજા હેઠળ લોકભોગ્ય વ્યાખ્યાન યોજવાનો ક્રમ ૧૯૮૬થી ચાલતો આવ્યો છે. આ વર્ષે યોજાયેલ **વિ.પી. એમ. ગોલ્ડન જ્યુબિલી ફંડ સમારંભ**માં ગૂજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલપતિશ્રી અને નવજીવન ટ્રસ્ટના મેનેજીંગ ડીરેક્ટર એવા શ્રી જિતેન્દ્ર દેસાઈએ વક્તવ્ય આપ્યું હતું. વીર વિઠ્ઠલભાઈના જીવન ચરિત્રને પોતાની વાતમાં વણી લઈ તેઓ સરદાર પટેલથી કઈ રીતે જુદા હતા તે વિશે તેમણે ઘણી રસપ્રદ વાતો કરી હતી.

આ પ્રસંગે શૈક્ષણિક ક્ષેત્રે જુદા જુદા વિષયોમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારા પંદર જેટલા વિદ્યાર્થીઓને શ્રી જીતેન્દ્ર દેસાઈ તેમજ સમારંભના પ્રમુખ, ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રીશ્રી આર. પી. પટેલના વરદ હસ્તે સુવર્ણ મંડિત ચંદ્રકો એનાયત કરાયા હતા. આ પ્રસંગે પી.એચડી.ની પદવી પ્રાપ્ત કરનારા રીસર્ચ સ્ટુડન્ટ્સનું પણ ચારુતર વિદ્યામંડળના સહમંત્રી શ્રી શનુભાઈ એમ. પટેલના હસ્તે સુવર્ણ મંડિત ચંદ્રકોથી સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન સોનલદે દેસાઈએ કર્યું હતું.

# ૨૦૦૮-૦૯ યુનિવર્સિટી પરીક્ષાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને વિવિધ પારિતોષિકો જાહેર કરાયાં

| ક્રમ | પારિતોષિક | વિદ્યાર્થીનું નામ | કોલેજ/ડીપાર્ટમેન્ટ/શાખા |
|---|---|---|---|
| ૧. | ''સ્વ. એમ. એસ. જોષી પારિતોષિક'' **(એમ.એસસી. ભૌતિકશાસ્ત્ર)** | ૧. મનીષ નવીનચન્દ્ર સંઘાની | અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ |
| ૨. | ''સ્વ. હરિભાઈ જી. દેસાઈ મેમોરીયલ એજ્યુકેશન ટ્રસ્ટ પારિતોષિક'' **(એમ.એડ.)** | ૧. રીમ્પલબેન વી. પટેલ | અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ |
| ૩. | ''શ્રીમતી ઈલા ગોન્સાલ્વિસ પારિતોષિક'' **(એમ.એસસી.-બાયોસાયન્સીસ)** | ૧. સ્વીટી રેવાભાઈ પટેલ | અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગ |
| ૪. | ''પ્રો. જે.એ. ઈનામદાર પુરસ્કાર'' **(બી.એસસી.-ફાઈનલ)** | ૧. હિમાંશુ વાડીલાલ પટેલ | વી.પી.એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| | | ૨. પારૂલ પવન અગ્રવાલ | એન.વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગર |
| | | ૩. વિજયેતા રાજેન્દ્રકુમાર પારેખ | એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ |
| | | ૪. અંકિતકુમાર નિમેષકુમાર ઉપાધ્યાય | એ.એમ.કોલેજ ઓફ સાયન્સ મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી, આણંદ |
| | | ૫. સોહલ દિવ્યાંગકુમાર પંડ્યા | પી.એમ. પટેલ કોલેજ ઓફ પેરા મેડીકલ સાયન્સ કોલેજ, આણંદ |
| ૫. | ''પ્રો. જે.એ. ઈનામદાર પુરસ્કાર'' **(એમ.એસસી.-બાયોસાયન્સીસ)** | ૧. પ્રાચી પરેશ ભટ્ટ | બાયોકેમેસ્ટ્રી શાખા |
| | | ૨. હિરલબેન હસમુખભાઈ પટેલ | માઈક્રોબાયોલોજી શાખા |
| | | ૩. સ્વીટી રેવાભાઈ પટેલ | બોટની શાખા |
| | | ૪. સરસ્વતી મનસુખલાલ સુખનંદી | ઝુલોજી શાખા |
| | | ૫. માધવી રાજેશ ગાંધી | બાયોટેક્નોલોજી શાખા |

(અનુસંધાન પાન ૨થી ચાલુ...)

ચીંદરડીવાળા પગના માલિક પર નુકસાનીનો દાવો માંડ્યો. કેસ કોર્ટમાં ગયો. પેલા ત્રણે ફૂલાતા હતા કે ફેંસલો અમારી તરફેણમાં જ આવશે. પણ ન્યાયાધીશે ફરમાન કર્યું કે બિલાડી પેલા ત્રણ સાજા પગ પર જ ચાલતી હતી કે કૂદતી હતી, એટલે ખરી રીતે તો આ ત્રણ સાજા પગના માલિકોએ પેલા ઈજાગ્રસ્ત પગના માલિકને નુકસાની આપવી પડે.

એટલે આવી બુદ્ધિની બહાનાંબાજી છોડી જે સંકલ્પ કરીએ તેને પાર કઈ રીતે ઉતારીએ તેનો રસ્તો શોધવામાં પ્રવૃત્ત થવું ઘટે. ભગવાને તો આકાશમાં દિવાકર નામનો દિવો પ્રગટાવેલો જ છે. પણ આપણે આપણી અંદર દીવો પ્રગટાવવાનો છે. ભલે એ નાનકડો હોય પણ એની તાકાત આભને આંબે તેવી હોય. જૂના જમાનની વાત છે. એક ગામમાં એક ઊંચો પહાડ હતો. તે જમાનામાં વીજળી નહોતી એટલે ગામલોકોને ઘણીવાર કુતૂહલ થયા કે પહાડની ટોચે શું હશે તે જોવા જવું. પણ દરેક વખતે પ્રશ્ન થાય કે ત્યાં તો માઈલો સુધી ઘોર અંધારું હોય, પ્રકાશ વગર અંધારામાં પહાડ કેવી રીતે ચઢવો ? વર્ષો સુધી આમ ચાલ્યું. પછી એક યુવાને કહ્યું, આપણી પાસે ફાનસ તો છે, એ લઈને જઈએ. એટલે ગામલોકો એ વળતી દલીલ કરી કે ફાનસનો પ્રકાશ તો બે ડગલા સુધી ફેલાય પછી આગળ શું ? પેલા યુવાને સરસ જવાબ આપ્યો. એણે કહ્યું 'પણ ફાનસ તો આપણી સાથે જ આવવાનું છે ને, આપણે ચાલીએ એની સાથે સાથે પ્રકાશ પણ ચાલવાનો છે'. આમ નાનકડાં, ટમટમતાં ફાનસની મદદથી અંતે એ લોકો પહાડની ટોચે પહોંચ્યા. આપણે પણ આપણા દિલમાં દીવો પ્રગટાવી આવી ઊંચાઈઓ સર કરવાની છે. આપણા જીવનની એ જ સાચી દિપાવલી હશે અને જીવન ત્યારે જ સાચા અર્થમાં ઉત્સવ બનશે.

**- સોનલદે દેસાઈ**

# ચલતે ચલતે...

વેદ એટલે ?
જ્ઞાન. વેદ શબ્દના મૂળમાં 'વિદ્' ધાતુ છે. એનો મતલબ જ થાય જ્ઞાન.
પણ ધાતુ એટલે શું ? મને તો એલ્યુમિનિયમ યાદ આવે છે.
અહીં એ 'મેટલ'ની વાત નથી. ધાતુ એટલે શબ્દનું મૂળ રૂપ. એક ધાતુ પરથી અનેક શબ્દો બને. સંસ્કૃત ભાષા એકદમ સાયન્ટીફિક છે. એના દરેક શબ્દના બે ભાગ હોય.
એ કેવું ?
એ જ તો મઝા છે દરેક અણુ ન્યુક્લિયસ અને ઈલેક્ટ્રોન્સનો બનેલો હોય કે નહીં ?
હોય...
એમ દરેક શબ્દ મૂળરૂપ અને વિભક્તિના પ્રત્યયનો બનેલો હોય. એ બે ભેગા થઈને શબ્દ બને...
બરાબર...
આમ, વેદ શબ્દનું ન્યુક્લિયસ છે 'વિદ્'-એ સૂચવે છે જ્ઞાન. જ્ઞાન એટલે સત્યજ્ઞાન, મહત્તર જ્ઞાન. હાયર એન્ડ ડીપર નોલેજ. મીસ્ટીક નોલેજ.
ચાલો... આ તો સમજાયું, પણ વેદ છે કેટલા ?
ચાર, મૂળ ત્રણ, પછી ચોથો ઉમેરાયો.
એ કેવું ?
સૌથી જૂનામાં જૂનો ઋગ્વેદ.
જૂનામાં જૂનો એટલે કેટલો જૂનો ?
એ તો વાત જ જવા દો. એમાં તો મોટો વિવાદ છે.
કેમ વિવાદ છે ?
ભારતીય પરંપરા તો એને અનાદિ માને છે.
એટલે ?
સૃષ્ટિના આરંભે ઋષિઓને એનું દર્શન થયેલું.
એ તો જાણે સમજ્યા પણ કેટલા વરસ પહેલાં ?
એમાં કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી એવું છે ! જરા સમજાય એવું તો બોલો...
ભારતના વિદ્વાનો એને જૂનામાં જૂનો સાબિત કરવા મથે છે. આપણા બાળગંગાધર તિલક જ વેદનો સમય ઈ.સ. પૂ. ૬૦૦૦ થી ૪૦૦૦નો માને છે. આ એક મત થયો. બરાબર ને ?
હા, તો મેક્સમૂલર જેવા વિદેશી વિદ્વાને પણ આ ચર્ચામાં ઝૂકાવ્યું છે. એ કહે છે કે બુદ્ધે વેદોમાં એ સમયે પ્રચલિત યજ્ઞોનો વિરોધ કરેલો. સમજાયું. તો તો બુદ્ધ પહેલા વેદ હતા. બરાબર ને ? હવે એ કહો કે બુદ્ધ ક્યારે થઈ ગયા ?
ઈ.સ. પૂ. ૬૦૦. જો કે મેક્સમૂલર સ્પષ્ટપણે કહી ગયા છે - કોઈપણ માણસ ઋગ્વેદનો સમય નક્કી કરી શકશે નહીં. નો પાવર ઓન અર્થ વીલ એવર ડિટરમીન...
તો તો આ વાત જ પડતી મૂકો. પણ એ તો કહો કે વેદમાં એવું તે શું છે કે આજે પણ એનું આકર્ષણ છે ! ઋગ્વેદમાં એ સમયની પ્રજાની ભાવના પ્રગટ થઈ છે. સમાજ જીવનના અનેક પાસાં એમાં છે. એમાં ઈતિહાસ, ભૂગોળ બધું જ છે.
બાકીના વેદોમાં શું છે ?
યજુર્વેદમાં યજ્ઞની ચર્ચા છે. સામવેદમાં ભારતના સંગીતનું આદિ મૂળ છે, ને અથર્વવેદ તો લૌકિક પરંપરાઓનો વિશ્વકોશ છે.
આ વેદો એક જ ઋષિનું સર્જન નથી ને ?
ના રે... એમાં તો જુદા જુદા ૩૦૦ જેટલા ઋષિઓ છે. ઋષિકાઓ પણ છે. ને આ વેદનો અક્ષરે અક્ષર સચવાયો છે. હજારો વરસ સુધી સ્હેજ પણ ફેરફાર વગર તેનું પેઢી દર પેઢી વહન થયું છે.

(અનુસંધાન પાન ૫ ઉપર...)

## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.